Extra No. 241

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તારીખઃ ૫મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએલ/૦૭/એસજેઈડી/ઈઓડી/ઈ-ફાઈલ/૧૭/૨૦૨૫/૧૧૭૨/છ સેક્શન(શાખા).-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Joint Director, Class I, in the General State Service of the Directorate of Social Defence, Recruitment Rules, 2025.

નિયામક સમાજ સુરક્ષાની કચેરીની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જૂન, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએચએલ/૦૭/એસજેઈડી/ઈઓડી/ઈ-ફાઈલ/૧૭/૨૦૨૫/૧૧૭૨/છ સેક્શન(શાખા):- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક સમાજ સુરક્ષા, ગુજરાત રાજ્યની કચેરીની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટેના નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો નિયામક સમાજ સુરક્ષાની કચેરીની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. નિયામક સમાજ સુરક્ષા, ગુજરાત રાજ્યની કચેરીની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧ની જગા પરની નિમણૂક, જેમણે,-

(ક) નિયામક સમાજ સુરક્ષા, ગુજરાત રાજ્યની કચેરીની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧ની જગા પર ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કર્યું હોય, અને

(ખ) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, 'ઘણા સારા'નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે; તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે.

૩. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.12 15:10:36 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar